# COURSE OUT COME

**MA sem 1 to IV**

**Sanskrit : 2021-22** **Sanskrit HOD**

**Asso.Pro. Dr.Alkaben Chauhan**

**MA sem - I**

**Paper - I Sanskrit Classical Literature Mahakavya**
**कृति : नैषधचरितम् સર્ગ १ નિયતાંશ**

કાવ્ય સાહિત્યનુ જ્ઞાન આપી ગદ્ય–કાવ્ય, નાટય,મહાકાવ્યનું જ્ઞાન આપી મહાકાવ્યની વિશેષતા પર ધ્યાન દોરવુ, મહાકાવ્યમાં પ્રસ્તુત સાહિત્યિક તત્વોનુ અન્વેષણ કરતા વિદ્યાર્થીને શીખવું, સામાજીક,નૈતિક, વ્યવહારિક, જ્ઞાન, રાજનૈતિક જ્ઞાનનો ઉદ્દેશ, પુરુષાર્થોનું મહત્વ કવિમાં પ્રયુકત ગુણો દ્વારા સમાજ માં સામાજીક, નૈતિક, વ્યવહારરિક જ્ઞાન, ઉદ્દેશ સિધ્ધ કરવો.

**Paper - II Vaidic Literature**
**कृति : ऋग्वेद નિયતાંશ તથા अथर्ववेद નિયતાંશ**

વૈદિક સાહિત્યમાં આદ્ય સ્થાપક વેદ વેદના ભાષકીય અને વિષય વસ્તુગત કરાવવાનું લક્ષ્ય અહી છે.

વેદનાં મંત્રોથી વિદ્યાર્થી પરિચિત કરવા , વૈદિક તત્વજ્ઞાનથી વિદ્યાર્થીને અવગત કરવુ.

**Paper - III Indian philosophy**
**ભારતીય દર્શન પરિચય**
**कृति : શ્રી પાતંજલયોગદર્શન નિયતાંશ સાધનપાદ**

વેદનું જ્ઞાન પ્રાપ્ત કરવુ. ઉપનિષદનું જ્ઞાન પ્રાપ્ત કરવુ. તત્વનું જ્ઞાન પ્રાપ્ત કરાવવું, વેદાંગ દર્શનોનો અભ્યાસ કરાવી ભારતીય દર્શનમાં યોગદર્શનનું વિશેષ જ્ઞાન આપવુ, યોગના આંઠ અંગોથી વિદ્યાર્થીને પરિચિત કરાવવા યોગદર્શન ઈહલોક અને પરલોક બન્નેમાં સફળતા મેળવવાનો ઉપાયો શીખવે છે. નાના મોટા પ્રત્યેક માનવને યોગ ઉચ્ચ માર્ગે લઈ જનાર છે. તો યોગ દ્વારા ઉન્નતિ કરાવવાનો જીવન સફળ બનાવવાનો ઉદ્દેશ, સિધ્ધ કરાવવો.

**Paper. 4 B : Vedant philosophy**
**વેદાંતશાસ્ત્ર.**

ભારતીય દર્શનનો પરિચય કરાવવો, વૈદિક સાહિત્ય વદાંગનો પરિચય કરાવવો, જ્ઞાનપરંપરાના આચાર્યોનું જ્ઞાન આપી પ્રથમાચાર્ય શંકરાચાર્યના વિશેની પુરેપુરુ જ્ઞાન આપી સિધ્ધાંતોનો પરિચય કરાવવાનુ લક્ષ્ય સિધ્ધ કરવુ. એ સાથે સુક્ષ્મ તત્વજ્ઞાનથી પરિચિત કરાવવા.

**Paper. 5 : Puran & Itihas (History)**
**પુરાણ અને ઇતિહાસ**
**कृति : मत्स्यपुराणम्**

સંસ્કૃત સાહિત્યની દ્રષ્ટિએ પુરાણ અને ઈતિહાસનો પરિચય કરાવવો, ઈતિહાસ અને ધર્મશાસ્ત્ર વચ્ચેનું અંતર કરાવવાની દ્રષ્ટિ વિકસિત કરાવવી પુરાણ નિર્દિષ્ટ પ્રસંગોથી અવગત કરાવવા, પ્રાચીન ભારતીય ઈતિહાસ અને પૌરાણિક ધર્મશાસ્ત્રથી વિદ્યાર્થીને માહિતગાર કરવા.

**MA sem - II**

**Paper - 6 Sanskrit Classical Literature DRAMA**
**संस्कृत ललित** સાહિત્ય **– નાટય સાહિત્ય**

ભરતમુનિનાં નાટયશાસ્ત્રનું જ્ઞાન આપવું. નાટય સાહિત્યમાં સર્વ શ્રેષ્ઠ નાટયકારોથી અવગત કરાવવા, નાટય દ્વારા ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન આપી સુસંસ્કૃત સમાજ બન્ને એ ઉદ્દેશ સિધ્ધ કરવતું જ્ઞાન આપવું.

**Paper - 7 VAIDIC LITERATURE**
**वैदिक साहित्य**
**कृति : एतरेयब्राहमण - शूनःशेपास्थान,केनोपनिषद्**

વૈદિક સાહિત્ય,ઉપનિષદ, વેદાંગનું જ્ઞાન કરાવવું, ભવ્ય દાર્શનિકતાનો પરિચય કરાવવો, તત્વજ્ઞાન આપવુ, વૈદિક સાહિત્ય, ઉપનિષદમાં આવતા તત્વજ્ઞાનથી સમાજનાં વ્યકિતત્વમાં ઉચ્ચપદ પ્રાપ્ત કરવાની, મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગૃત કરાવવું જીવનને સિધ્ધ કરવાનું ધ્યેય સિધ્ધ કરાવવો.

**Paper - 8 SMRUTI SAHITYA AND ESSAY**
**સ્મૃતિ સાહિત્ય અને નિબંધ**

સ્મૃતિ સાહિત્યનું જ્ઞાન આપી સ્મૃતિ સાહિત્ય વિશેના જ્ઞાનથી અવગત કરાવવું ભારતની પ્રાચીન સામાજીક સંસ્થાઓ, રાજનૈતિક બાબતો અને આર્થિક પરિસ્થિતીનો ખ્યાલ આપવો. આધુનિક ન્યાય વ્યવસ્થાના ઉદગમનો પરિચય કરાવવો, ધર્મશાસ્ત્રનો અભ્યાસ આધુનિક સમય માટે આવશ્યક છે. સ્મૃતિ સાહિત્યનું જ્ઞાન આવશ્યક છે. આધુનિક સમયમાં શ્રુતિ,સ્મૃતિના તત્વજ્ઞાન દ્વારા વ્યકિત પોતાના જીવનને ઉચ્ચ બનાવવાનો સંકલ્પ પુરો કરે.

**Paper - 9 B : SANSKRIT VEDANTSHASTRA**
**वेदान्तशास्त्र**
**कृति : गौडपाद कारिका**

શ્રુતિ સાહિત્યનાં તત્વજ્ઞાનની સાથે ગૌડપાદના સિધ્ધાંતો થી વિદ્યાર્થીને અવગત કરાવવા.

ભારતની વિશાળ દાર્શનિક દ્રષ્ટિથી માહિતગાર કરવા અને સમાજમાં દાર્શનિકતાનો પ્રવેશ કરાવવો તત્વજ્ઞાન કરાવવું સમાજને દાર્શનિક સમાજ બનાવવાનો ધ્યેય સિધ્ધ કરાવવો.

**Paper. 10 : HISTORY**
**आदिकाव्य महाभारत**
**कृति : મહાભારત વિરાટપર્વ (अ १ TO २३ )**

ઐતિહાસિક જ્ઞાન આપવું, ઐતિહાસિક સાહિત્યની વિશેષતાઓનો પરિચય કરાવવો, ભારતીય સંસ્કૃતિ લોકજીવનનો સાહિત્ય પર પડતા પ્રભાવથી અવગત કરાવવું, મહાભારતના ઉચ્ચ આદર્શોથી માહિતગાર કરવા.

**SEM : 3**

**Paper - 11 : संस्कृत ललित સાહિત્ય**
**SANSKRIT CLASSICAL LITERATURE (PROSE)**
**कृति : हर्षचरितम (નિયતાંશ)**

ગદ્યકાવ્યની ઉત્પત્તિ, વિકાસનું જ્ઞાન આપી વૈદિક સાહિત્ય થી અવગત કરાવવું ગદ્યકાવ્યના પ્રકાશે,ગદ્યકાવ્યની વિશેષતાનું જ્ઞાન આપવું.

**Paper - 12 : VEDANG LITERATURE (NIRUKTA)**
**कृति : यास्कीयम निरुकतम (નિયતાંશ)**

વેદનું, વેદાંગનું જ્ઞાન આપી દરેક વેદાંગોને વિસ્તૃત સમજાવવા, વેદના અર્થઘટન માટે ઉપયોગી નિરુકત શાસ્ત્ર સંસ્કૃત સાહિત્યની અનુપમ દેન છે. દરેક વેદાંગોનું વેદની રક્ષા માટે કયુ કામ છે. તેનું કારણ અહી વિચારાયુ છે. નિરુકત વેદાંગનો વિદ્યાર્થીને પરિચય થાય તેના દ્વારા

વાણિની વ્યાકરણશાસ્ત્ર અષ્ટાધ્યાયી ગ્રંથનો પરિચય આપવો અને સંસ્કૃતમાં વપરાતા નામપદોનું નિર્વચન કરતા શીખે અને ઉદ્દેશ અહી સિધ્ધ કરાવવો.

**Paper - 13 : અભિલેખ વિદ્યા – શિલાલેખ**
**ABHILEKHVIDHYA – EPIGRAPHY**
**कृति :(જુનાગઢ સ્થિત) स्कंदगुप्त તથા रुद्रादामन નાં શિલાલેખો**

અભિલેખ શું છે. તે ભારતીય પ્રાચીન ઇતિહાસની જાણકારી માટે કેવી રીતે ઉપયોગી બને અભિલેખ દ્વારા હજારો વર્ષો સુધીનો ઇતિહાસ કેવીરીતે સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો. ઈત્યાદિ બાબતોની સાથે અભિલેખોના ભાષકીય સાંસ્કૃતિક રાજકીય અને ઐતિહાસિક અધ્યયનની રીતિનું વિદ્યાર્થી જ્ઞાન મેળવી શકે તેવો અહી ઉદ્દેશ રખાયો છે.

**Paper - 14(B) : VEDANT PHILOSOPHY**
**कृतिः श्री रामानुजाचार्यकृत श्री ब्रहमसूत्रश्रीमाष्मय (નિયતાંશ)**

શ્રુતિ જ્ઞાન, તત્વજ્ઞાન, વેદાંગજ્ઞાન આપી દર્શનોની જાણકારી કરાવી, ભારતીય તત્વ દર્શન – તત્વજ્ઞાનની પરંપરાના એક મહાન આચાર્ય રામાનુજાચાર્યનાં સિધ્ધાંતોનો પરિચય કરાવવાનું લક્ષ્ય છે.એ સાથે અન્ય આચાર્યના તાત્વિક વિચારોની તુલના માંથી અભ્યાસ કરી આવા પ્રકારના તુલનાત્મક અભ્યાસ તરફ પ્રેરાય એવુ લક્ષ્ય સિધ્ધ કરાવવાનુ કાર્ય અહી.

**Paper. 15 : પુરાણ અને ઇતિહાસ**
**Puran & Itihas (HISTORY)**
**कृति :कौटिल्य - अर्थशास्त्रम (નિયતાંશ)**

રાજનીતી વિષયક જ્ઞાનથી રાજનીતિશાસ્ત્રથી વિદ્યાર્થીને માહિતગાર કરવા અને પ્રાચીન ભારતીય સંસ્કૃત સાહિત્ય અર્થશાસ્ત્રનો આશય રાજનીતિવિષયક છે. રાજનૈતિક ગ્રંથમાં કૌટિલ્યના પ્રમુદ સ્થાનથી વિદ્યાર્થી જાણકાર થાય, પુર્વાચાર્યના મતોનાં સંગ્રહની સાથે પોતાના મુખ્ય મતોથી સમૃધ્ધ આ અર્થશાસ્ત્રનો અભ્યાસ ધર્મશાસ્ત્ર અને ઈતિહાસના વિદ્યાર્થીએ કરવો જોઈએ આ લક્ષ્ય આ ગ્રંથ પાછળનુ હોવાથી ઉદ્દેશ સિધ્ધ કરાવવો.

**SEM : 4**

**Paper - 16 संस्कृत ललित સાહિત્ય**
**स्त्रोतकाव्य एवं खळकाव्य**
**SANSKRIT CLASSICAL LITERATURE STORAKA**
**VYA & KHAMDKAVYA**
**कृति : पुष्पदंतकृत शिवमहिम्नस्त्रोतम ।**
**कालिदासकृत मेधयूतम ।**

સંસ્કૃત કાવ્યનો પરિચય કરાવી સંસ્કૃત પદ્યકાવ્યોનો પરિચય કરાવી, સ્ત્રોતકાવ્યનું મુળ પ્રકાર લક્ષણાદિથી માહિતગાર કરાવવું.

**Paper - 17 : VEDIK LITERATURE & LETTER WRITING**
**વૈદિક સાહિત્ય અને પત્રલેખન**

ભારતીય સંસ્કૃતિના ભવ્ય ગ્રંથો –વેદોનો પરિચય કરાવવો, આધુનિક વિજ્ઞાન સાથેનો ઘનિષ્ટ સંબંધ બતાવવો. સંસ્કૃતિમાં પત્રલેખન કળા વિકસાવવી.

**Paper - 18 :TEXTUAL CRITICIZE**

**પાઠ સમીક્ષા**

હસ્તપ્રતોથી  અવગત કરાવવા, પાઠસંપાદન કરવાની કલા શીખવવા જરૂરી બાબતોનું જ્ઞાન આપવું.  પરિચય મેળવવો તથા વિવિધ વિષયોપર લખાવેલ સંસ્કૃત ભારતીય હસ્તપ્રતોનો પરિચય મેળવવો,મુદ્રળ દોષોની માહિતી આપવી એને સુધારવા જરૂરી ચિહનોથી જ્ઞાનાન્વિંત કરવા.

**Paper - 19 B : VEDANTSHASTRA**

**वेदान्तशास्त्र**

**कृति : ब्रह्मसूत्र अणुभाष्य**

ભારતીય તત્વજ્ઞાનની શાખાઓમાં દરેક આચાર્યોના સિધ્ધાંતોથી અવગત કરવા ,શ્રુતી ઉપનિષદવેદાંગ,તત્તજ્ઞાનની જાણકારી માહિતી આપી તત્વજ્ઞાનથી તત્વોની પ્રાપ્તિનું ઉચ્ચ લક્ષ્ય સિધ્ધ કરવાનું જ્ઞાન આપી વ્યાસના જીવનથી અવગત કરાવવું તત્વજ્ઞાનથી મોક્ષ તરફ વળાવવાનો ઉદ્દેશ સિધ્ધ કરાવવું ભારતની વિશાળ દાર્શનિક પરંપરાથી.

**Paper - 20 : આધુનિક સંસ્કૃત લઘુકથા તથા વ્યવહારિક સંસ્કૃત**

**MORDEN SANSKRIT SHORT STORY & APPLICABLE SANSKARIT**

**कृति आधुनिक लघुकथा संग्रह**

આધુનિક સમયમાં સંસ્કૃતમાં વિવિધ સ્વરૂપોમાં ખેડાણ થયુ છે. તેનો પરિચય કરાવી સંસ્કૃતને વ્યવહારમાં પ્રયોજવી જરૂરી  છે. એ કૌશલ્ય વિદ્યાર્થીમા ખીલવુ તથા સંસ્કૃતમાં સ્વયં લખી શકે એ પ્રતિભાશકિત બહાર કઢાવવી, સંસ્કૃત સભાષણ કરાવવું સંભાષણ દ્વારા વિદ્યાર્થીની યાદ શકિત, કૌશલ્ય ખીલવવું, મનોવૈજ્ઞાનિક,યોગિક, આંતરિક,શારીરીક શકિત ની વૃધ્ધિ સંસ્કૃત દ્વારા થાય છે એ ઉદ્દેશ સિધ્ધ કરાવવો.

**" जयतु संस्कृत जयतु भारत "**

**" संस्कृत संभाषण कुर्म : स्वास्थ्य वृध्धि कुर्म "**

**Course out Come**
**BA SEM 1 TO 6**
**Sanskrit : 2021-22**

**Sanskrit HOD**
**Asso.Pro. Dr.Alkaben Chauhan**

- **FY B.A Sem – I & Sem – II**

**Sem – I Paper- I**
**Core Allied Sanskrit Classical Language**
**कृति श्री विष्णुशर्मा विरचित पंचतंत्रम**
**(डो विश्वास निरुपित पग्यतन्त्रम)**

સંસ્કૃત ભાષ દ્વારા નીતિકથાનું ખેડાણ, પ્રાણી જગતનાં પાત્રો દ્વારા મનુષ્યના જીવનમાં નીતિમત્તાનો પરિચય કરાવવાનો ઉદ્દેશ પ્રાણીના જીવન દ્વારા મનુષ્યનાં જીવનમાં વ્યવહારિક જ્ઞાન વૈદિક જ્ઞાન, સાંસ્કૃતિક જ્ઞાન નીતિમત્તા,રાજકીય, સામાજીક જ્ઞાન, ચતુરાઈ, કીર્તિ વગેરે જ્ઞાનનો ઉદ્દેશ સિધ્ધ કરવાનો પ્રયાસ.

**FY B.A Sem – I**
**Paper – I (A) : आर्षकाव्य**
**વાલ્મીકી રામાયણ– अयोघ्याकांड સર્ગ ૭ થી ૧૨ પર્યન્તમ**

સંસ્કૃત આદિકવિ ઋષિ વાલ્મીકી રચિત રામાયણના પરિચય સાથે સંસ્કૃત સાહિતત્યમાં પ્રાચીન સમાજ વ્યવસ્થા, નૈતિક મૂલ્યો દ્વારા ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવવો પ્રાચીન ભારતીય સમાજ દર્શન કરાવી આધુનિક સમાજને આદર્શ સમાજ ઘડવાનો ઉદ્દેશ સિધ્ધ કરવો. રામાયણના પાત્રો દ્વારા આધુનિક પાત્રોને આદર્શ સ્થાપિત કરાવવો.

**FY B.A Sem – I**
**Paper – II (A) : संस्कृत रुपक साहित्य**
**कृति : भासकृत कर्णभारम्**

રુપક, નાટક સાહિત્યનો પરિચય, રૂપકના પ્રકારો, રૂપક દ્વારા સમાજના મનોરંજનનો ઉદ્દેશ સિધ્ધ કરવો.
કર્ણના પાત્ર દ્વારા દાનવીરતાનાં ગુણને પ્રકાશિત કરવું.

**FY B.A Sem – II**
**Paper - II Core Allied Sanskrit Classical Language**
**कृति સંસ્કૃત સાહિત્યમાં સંસ્કૃતિ ચિંતન**

સંસ્કૃત ચિંતન દ્વારા ભારતીય સંસ્કૃતિનો અર્થનુ સ્વરૂપ, શિષ્ટાચાર, મુળતત્વો, ધર્મ, રાષ્ટ્રીય એકીકરણ, ધાર્મિક સહિષ્ણુતા, સંસ્કૃતિનો સમન્વય, ચાર પુરુષાર્થો વગેરે બાબતનો ઉજાગર કરે છે.

**FY B.A Sem – II**
**Paper – 3 (A) संस्कृत प्रशिष्ट महाकाव्य**
**कृति : कुमारसम्भव સર્ગ–૫**

પ્રશિષ્ટ મહાકાવ્યનો પરિચય, પદ્યસાહિત્યના પ્રકારોમાં મહાકાવ્યનાં સ્વરૂપ, લક્ષણનું જ્ઞાન આપવું, આધ્યાત્મિકતાનું જ્ઞાન કરાવવુ, પરમાત્મા પરમેશ્વરને પ્રાપ્ત કરવા પાર્વતી દ્વારા કરાતા તપ દ્વારા અદ્વેત પ્રાપ્તિ, પરમેશ્વર પ્રાપ્તિ, અધ્યાત્મિક પ્રાપ્તિ, મોક્ષ પ્રાપ્તિના જ્ઞાન તરફ સમાજનું ધ્યાન કરાવવાનો ઉદ્દેશ સિધ્ધ કરવો.

**Paper – 4(A) भारतीय नीतिशास्त्र म्**

**કૃતિ : नीतिशतकम श्लोक १ थी ५०**
**વ્યવહારસાહશ્રી**

સંસ્કૃત મુકતક સાહિત્યનો પરિચય, શતક કાવ્યનો પરિચય, ભારતીય નીતીશાસ્ત્ર અંતર્ગત આવતા વિવિધ વિષયોનું જ્ઞાન આપવુ વિવેક જ્ઞાનથી અવગત કરાવવું, વ્યવહાર સાહશ્રી – સંભાષણ જ્ઞાન આપવું, સંસ્કૃત સંવાદો દ્વારા વિદ્યાર્થીને સંસ્કૃત વિષય, ભાષા પ્રત્યે રુચિ કેળવવાનો ઉદ્દેશ સિધ્ધ કરવો.

- **SY B.A Sem – III & IV**

**SY B.A Sem – III**

**Paper : 5 (A) લલિત સાહિત્ય – સંસ્કૃત નાટય સાહિત્ય**
**કૃતિ : कालिदासरचितम - विक्रमोर्वशीयम**

સંસ્કૃત નાટય સાહિત્ય, નાટય શાસ્ત્ર ભરતમુનીથી માહિતગાર કરાવવું, વિશ્વ કવિ, નાટય કાવ્ય, કાલિદાસ વિશે માહિતગાર કરવા, નાટક દ્વારા સમાજને સામાજિક વગેરે જ્ઞાન પુરૂ પાડવાનો હેતુ સિધ્ધ કરવો, કાલિદાસના સર્જન દ્વારા ભારતીય સંસ્કૃતિ સભ્યતા અને સાહિત્યનો પરિચય કરાવવો.

**Paper : 6 - काव्यशास्त्र**
**કૃતિ : मम्मटकृत, काव्यप्रकाश ઉલ્લાહ ૧ થી ૧૦ નિયત અલંકાર તથા નિયતછંદો**

સાહિત્યના સ્વરૂપો તેમજ સાહિત્યના આસ્વાદ માટે અંગોઉપાંગો રસ,રીતિ વગેરેનો શાસ્ત્રીય પરિચય મેળવવો. અલંકાર શાસ્ત્રના પાયાના સિધ્ધાંતો જણાવવા, અલંકાર શાસ્ત્રનો પરિચય કેળવવો દરેક છંદ સાથે છંદશાસ્ત્રનું જ્ઞાન આપવું, છંદોબદ્ધ જ્ઞાન દ્વારા સામવેદ,જ્ઞાનવેદ, અપાવવું, છંદોબદ્ધ જ્ઞાન દ્વારા સાહિત્યમાં રસ કેળવવો.

**Paper : 7 - : वैदिकवाङगमय**
**કૃતિ : ऋग्वेद**

ભારતીય આર્ય સંસ્કૃતિના મુળભુત જ્ઞાન ભંડાર વેદોનો પરિચય કરાવવો, જ્ઞાનનાં ભંડાર, તત્વજ્ઞાન, અદ્વૈતગાનનો પરિચય કરાવવો.

વેદોના પરિચય સાથે, સમગ્ર જ્ઞાનની સાથે, પ્રાચીન જીવનની સાથે આધુનિક જીવન, સમાજ વેદોનો સંબંધ સમજાવવું ત્યારબાદ સફળ જીવન તેમજ મોક્ષદાયક જીવનની ચાવી બતાવવી આધુનિક જીવનશૈલીનો સમાજ વેદોના તત્વજ્ઞાનને સમજે, સ્વીકારે પોતાનું જીવન સુંદર બનાવે તેવા સ્વરૂપે વિદ્યાર્થીને જ્ઞાન આપવાનો ઉદ્દેશ સિધ્ધ કરવો.

**Sem-4**

**Paper : 8 - સંસ્કૃતપદ્ય સાહિત્ય અને અર્થાવબોધ (સ્તાત્રસાહિત્ય)**
**કૃતિ : પંડિતરાજ જગન્નાથવિરચિત – " गंगालहरी "**

વેદોનું જ્ઞાન આપવું, વેદોની માહીતી આપવી.વેદોમાં આવતા સ્તાત્રો,સ્તુતિ પ્રાર્થના સુકતાનું જ્ઞાન આપવુ, અગ્નિ, ઈન્દ્ર, ઉષા વગેરે દેવ દેવીના સુકતોનુ જ્ઞાન આપવું, વૈદિકસ્તોત્ર પરંપરા માંથી સર્જાયેલ સ્તોત્ર સાહિત્યનો પરિચય કરાવવો હૃદયની ઉર્મિ ગેપ પદ્યમાં અભિવ્યકત કરવાની કળા વૈદિકકાળથી જ પ્રાપ્ત થયેલ છે. એની સમજ આપી આધુનિક યુગમાં ભકિત દ્વારા વ્યકિત કાવ્યો, ગંગાલહરી જેવા સ્તુતિ કાવ્યો પ્રગટ થાય છે. જેના દ્વારા સમાજને દરેક વિષયનું નીતિ મુલક,ભકિતજ્ઞાન પ્રાપ્ત થાય છે. હૃદયથી ઉત્પન્ન થતી ઉર્જા વ્યકિત મનુષ્ય જીવનનો ઉધ્ધાર કરે છે. એ આ કાવ્ય દ્વારા સમાજના લોકોને પણ ઉચ્ચપદ પ્રાપ્ત કરાવવાનો ઉદ્દેશ સિધ્ધ કરાવવો, જીવનમાં ભકિતનું મહત્વ,હૃદયની શુધ્ધતા ભકિત દ્વારા અધ્યાત્મિકતા,દાર્શનિકતા લાવવાનો સેતુ જોડવાનો હેતુ સિધ્ધ કરાવવો.

**Paper : 9 - काव्यशस्त्र**
**કૃતિ : ધનંજય કૃત દશરૂપક (પ્રથમ પ્રકાશ ) મમ્મટકૃત કાવ્ય પ્રકાશ ઉલ્લાસ દશ (નિયત અલંકાર, નિયત છંદ)**

સંસ્કૃત નાટય સાહિત્ય સાથે સંકળાયેલ વિશિષ્ટ અને આવશ્યક પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય સાથે નાટકનો અભ્યાસ કરાવવો.

**Paper : 10 - वैदिकवाङगमय**

**કૃતિ : यजुर्वेद - અધ્યાય–૨૫ ના નિયતમંત્રો**
**અધ્યાય–૩૪ ના નિયતમંત્રો**
**ईशावास्योपनिषद्**

વેદોનું જ્ઞાન આપી, વૈદિકવાડગમય ના જીવન સાથે અતિ સબંધિત ભાગોમાં યજુર્વેદનો પરિચય કરાવવો યજ્ઞ જ્ઞાન, કર્મોનું જ્ઞાન યજુર્વેદ આધારિત આપી સાથે ઉપનિષદ ઈશાવાસ્થોપનિષદના તત્વજ્ઞાન સાથે શ્રીમદભગવદગીતાના કર્મોનુ તેમજ ભકિત જ્ઞાનનું જ્ઞાન , ત્રિવેણી સંગમ જ્ઞાન આપી આધુનિક જીવનમાં કર્મ, ભકિત અને જ્ઞાનની આવશ્યકતા પર ભાર મુકી ઉપનીષદના જ્ઞાનને વારસો સ્વરૂપે લઈ એ જ્ઞાન જીવનનું ઉપાદેય અંગ છે એ ઉદ્દેશ સિધ્ધ કરાવવો.

- **TY B.A Sem – 5 & 6**
  **TY B.A Sem – 5**

**Paper. 11**

**"संस्कृत ललित साहित्य प्राचीन प्रशिष्ट साहित्य" अश्वघोष रचित**
**बुध्धचरितम - સર્ગ – ૫**

સંસ્કૃત મહાકાવ્યનો પરિચય, મહાકવિ નો પરિચય કરાવી પંડિત યુગના મહાકાવ્યોની સમજ આપી મહાકવિનું જ્ઞાન આપવુ, ભાષાનો પરિચય કરાવવો અને મહાકાવ્યોના જ્ઞાન સાથે સમાજમા રાષ્ટ્રભાવના, નેતૃત્વ ભાવના, રાજનીતી જ્ઞાન અન્ય જ્ઞાન પ્રાપ્ત કરાવી નેતૃત્વ શકિત પ્રાપ્ત કરી શકે એ પ્રમાણે મહાકાવ્ય માંથી પ્રાપ્ત થતો ઉદ્દેશ સિધ્ધ કરાવવો.

**Paper. 12 –ધર્મશાસ્ત્ર અને ગીતાસોપાન પ્રથમભાગ**

વેદ ઉપનિષદના તત્વજ્ઞાન વિશે માહિતગાર કરી ગીતામાં વ્યકત થતી વૈદિક, ઉપનિષદની વિચારધારા શાશ્વત છે જે આજના સમાજમાં ખુબજ ઉપાદેય છે. વેદ,ઉપનિષદ, બ્રાહ્મણગ્રંથ આરણ્યકમાં પ્રાપ્ત થતુ કર્મ, યજ્ઞ,ભકિત જ્ઞાનનું જ્ઞાન આવશ્યક છે. એ ઉદ્દેશ સિધ્ધ કરી માનવીને નિરાશામાંથી બહાર કાઢીને આશાઓની વચ્ચે મુકી આપનાર ગીતાના તાત્વિક ઉપદેશનો ઉદ્દેશ સિધ્ધ કરવો.

ગીતાસોપાન દ્વારા સંસ્કૃત સંભાષણનો ઉદ્દેશને સિધ્ધ કરવો સંસ્કૃત ભાષા યૌગિક ભાષાનું પઠન–વાર્તાલાપ કરાવવું માનસિક, શારીરિક સંતાપનું નિદાન કરાવવું.

**Paper. 13 – વૈદિક સાહિત્યનો ઇતિહાસ અને ભાષા પ્રવેશ.**

ભારતીય સંસ્કૃતિના આદ્ય ગ્રંથ, વેદ વિશે પુરેપુરુ જ્ઞાન,સાસ્કૃતિક જ્ઞાન, તત્વજ્ઞાન, જ્ઞાનના ભંડાર સમા વૈદિક ગ્રંથનુ જ્ઞાન આપવુ વૈદિક પ્રાર્થનાનું જ્ઞાન આપવુ. ભાષા પ્રવેશ દ્વારા, સંસ્કૃત ભાષા સંભાષણ પધ્ધતીનું જ્ઞાન ખીલવી, સમાજને લાભદાયક ભાષાનુ જ્ઞાન આપી સંસ્કૃત ભાષા સંભાષણ પધ્ધતી પર રુચી કેળવવી, તર્ક શકિત, યાદશકિત ખીલવવી, આત્મ શકિત કેળવવી.

**Paper. 14 – વ્યાકરણ શાસ્ત્ર ભાષા વિજ્ઞાન**

ભાષાની આંતરિક સંરચનાનું જ્ઞાન આપવુ, પ્રાચીન પાણિનીય વ્યાકરણશાસ્ત્રનું જ્ઞાન આપવુ, ભાષાની ઉત્પત્તિ વિષયક જ્ઞાન આપી ભાષા વિજ્ઞાનના સિધ્ધાંતોનો પણ પરિચય કરાવવો.

**Paper. 15 – વેદાંતશાસ્ત્ર અને અનુવાદ**
**કૃતિ : चतुःसुत्री**

વેદનું જ્ઞાન આપવું વૈદિક સાહિત્યનું જ્ઞાન આપી, વેદાંગ અને દર્શનોની સમજણ આપી દર્શનનું મહત્વ એમાં (ઉત્તરમીમાંસા) બ્રહ્મસૂત્રનું પુરૂ જ્ઞાન આપી ત્યાગની સમજ આપી ૫–આચાર્યો વિશે માહિતી આપી વેદાંતશાસ્ત્રમાં પ્રયુકત અદ્વૈતમીમાંસાની સમજ આપી સમાજને અદ્વૈતતા, જ્ઞાનપરંપરા, મોક્ષ જ્ઞાનની સમજી આપી જીવનનાં લક્ષ્યનું દર્શન જ્ઞાન દ્વારા ઉંચે લઈ જવુ એ જ્ઞાન, ઉદ્દેશ સિધ્ધ કરવો. ૫– આચાર્યોના મુખ્ય સ્થાને પ્રથમ સ્થાને રહેલા શંકરાચાર્ય ના જીવન અને ભાગ્ય વિશે વિસ્તૃત જ્ઞાન દ્વારા ઉદ્દેશ સિધ્ધ કરાવવો. જ્ઞાન આપવુ.

**Paper. 16 – ધર્મશાસ્ત્ર અને અનુવાદ**

**कृति : याज्ञवलकयस्मृति नियतांश व्यवहार अध्याय**

સ્મૃતિશાસ્ત્રની રચના કયારે થઈ એ જ્ઞાન, વેદજ્ઞાન, શ્રુતિજ્ઞાન બાદ સ્મૃતિજ્ઞાન આપવુ, ધર્મશાસ્ત્રનું જ્ઞાન કરાવી, ધર્મશાસ્ત્રમાં આવતુ ભારતીય,સમાજ, સંસ્કૃતિ સભ્યતા, તત્નચિંતન વગેરેનો અભ્યાસ કરાવવો ત્યારબાદ ભારતીય કાયદાના મૂળ કયા છે.એ જાણવુ આજ્ઞાન માટે ધર્મશાસ્ત્રના જ્ઞાનની અતિઆવશ્યકતા હોવાથી ધર્મશાસ્ત્રનું જ્ઞાન મુળવવુ અને એમા સંસ્કુત પ્રાચીન ધર્મશાસ્ત્રમા યાજ્ઞવલ્કયસ્મૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરાવવું, પ્રસ્તુત જ્ઞાનથી ભારતીય સમાજને પરિચિત કરાવવું એ ઉદ્દેશ સિધ્ધ કરાવો.

## Paper. 17– ललित साहित्य एवं व्याकरण

**कृति : बोधायनरचित भगवदजजुकियम् एवं समास (नियत)**

રૂપકોનો પરિચય,નાટયશાસ્ત્રનો પરિચય, ભરતમુનિનાં જીવન વિશે માહિતી આપી ૧૦–રૂપક પ્રકારોનું જ્ઞાન આપી, પ્રહસનની માહિતી આપવી, નાટક દ્વારા સમાજને અપાતા અન્ય જ્ઞાનની માહિતી, પ્રહસનન દ્વારા મનોરંજનનો હેતુ સિધ્ધ કરવાનો આશય તેમજ પ્રસ્તુત પ્રહસન દ્વારા કલાનો પરિચય અને યોગ તેમજ આધ્યાતિમ, યૌગિક રીતે આત્માની અદલા બદલીનું જ્ઞાન તત્વજ્ઞાનનો પરિચય કરાવવો.

## Paper. 18 – શ્રીમદભગવદગીતા અને ગીતાસોપાન

વેદ,ઉપનિષદો,શ્રુતિ,સ્મૃતિઓનું જ્ઞાન આપી, કર્મ,જ્ઞાન, ભકિતના ત્રિવેણી સંગમ યુકત, શ્રીમદભગવદગીતાના તત્વજ્ઞાનને સમાજમાં પહોંચાડવાનો ઉદ્દેશ સિધ્ધ કરાવો.

ગીતાના અભ્યાસ દ્વારા આધુનિક જીવનના દરેક પ્રશ્નોને સુલજાવવાનો ઉદ્દેશ સિધ્ધ કરાવો.

## Paper. 19 – પ્રશિષ્ટ સાહિત્યનો ઇતિહાસ અને ભાષા પ્રવેશ

સમાજને સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવવો.સમાજના દરેક અંગને, ચિંતનને વ્યવહારમાં ઝીલતા, સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવવો. સંસ્કૃત ભાષા એ સંસ્કૃત સાહિત્ય ભારતીય સમાજને રજુ કરનાર મહત્વપુર્ણ કલા છે.

ભાષા પ્રવેશ દ્વારા સંભાષણ ક્રિયા ખીલવવી.

## Paper. 20 – વ્યાકરણ શાસ્ત્ર અને ભાષા વિજ્ઞાન

પાણિની વ્યાકરણ શાસ્ત્રનુ જ્ઞાન કરાવવું, સંસ્કૃત ભાષા,સંસ્કૃત વાકય રચના, જગતની અન્ય કોઈપણ ભાષા સંરચના કરતા સરળ છે. એ અભ્યાસ કરવા માટે લઘુસિધ્ધાંતકૌમુદીનો અભ્યાસ કરવો જરૂરી છે. આ ગ્રંથોનો વિશદ અભ્યાસ કરવાથી પણ પાણિનીના ફાળાને મુલવી શકાશે.

## Paper. 21 – સાંખ્યદર્શન અને અનુવાદ

**कृति : सांख्यकारिका - इश्वरकृष्णप्रणीत**

વેદ,ઉપનિષદ, વૈદિકસાહિત્ય, વેદાંગ સાહિત્ય, દર્શન સાહિત્યનું જ્ઞાન કરાવી દર્શન પરંપરા આસ્તિક, નાસ્તિક દર્શનની વિશેષતા જણાવી. પરિચય કરાવી, તત્વજ્ઞાન આપી આધુનિક જીવનમાં તત્વજ્ઞાનયુકત જીવનશૈલીની ઉપયોગિતા નો ઉદ્દેશ સિધ્ધ કરાવવું.

## Paper. 22 – ન્યાય દર્શન અને અનુવાદ

**कृति : तर्कभाषा केशवमिश्र विरचित**

વૈદિક સાહિત્યમાં પ્રયુકત તત્વજ્ઞાનનું જ્ઞાન આપી વેદાંગ, સાહિત્ય, દર્શન સાહિત્ય નો પરિચય કરાવી ન્યાયદર્શનનો અભ્યાસ તર્કશકિત, વાદવિવાદ તથા તર્કબધ્ધ રજુઆત શીખવે છે. આ જ્ઞાનની (યથાર્થ જીવન) આધુનિક જીવનમાં જરૂરીયાત, તત્વજ્ઞાન દ્વારા કેળવવી.

## સ્ત્રી શકિત–મહિલા સશકિતકરણ

(૧) **नारी अस्य समाजस्य कुशलवास्तुकाश ।**

(૨) **नारी राष्ट्रस्य अकिश अस्ति ।**

(૩) **राष्ट्रस्य श्वःनारी अस्ति ।**

(૪) **यत्र नार्यस्तु पुजयन्ते रमन्ते तत्र देवता ।**

(૫) **સૃષ્ટિની જનની મનાય છે માઁ**

(૬) **"સ્ત્રી વિના ગૃહ નથી, ગૃહ વિના પ્રજા નથી અને પ્રજા વિના રાજય નથી, સ્ત્રીની ઉન્નતી વિના દેશની ઉન્નતતિ અશકય છે.**

**– ગાંધી**

(૭) **ભારતીય નારીએ વિશ્વનો આદર્શ છ**

**– સ્વામી વિવેકાનંદ**

(૮) **સ્ત્રીની ઉન્નતી કે અવનતિ પર જ રાષ્ટ્રની ઉન્નતિ કે અવનતિ નિર્ભર છે.**

**– જવાહરલાલ નહેરુ**

આપણું વ્યકિતત્વ અને રાષ્ટ્રીય ભવિષ્ય એ વાત પર નિર્ભર છે કે ભાવિ પેઢીઓ સુસંસ્કૃત હોય રાષ્ટ્રનું ભવિષ્ય જે ભાવિ પેઢીના હાથમાં છે તે જો સદગુણી ન બની તો સમાજમાં બુરાઈઓ જ વધશે. તેમના શિક્ષણનું સાચુ સ્થાન છે.ઘરનું વાતાવરણ અને તેનુ નિર્માણ કરે છે. ગૃહિણી વ્યકિત અને રાષ્ટ્રની ઉન્નતિ માટે થઈ રહેલા અનેક પ્રયત્નોમાં સુગૃહિણી નિર્માણનું કાર્ય અત્યંત આવશ્યક છે. સ્ત્રીની ઉપેક્ષા કરવાથી મોટામાં મોટી પ્રગતિ પણ વ્યર્થ સાબિત થશે. કારણકે જયારે આગામી પેઢીઓનું વ્યકિતત્વ જ વિકસીત ન થઈ શકયુ તો વધેલી સમૃધ્ધિનો પણ કંઈ લાભ ઉઠાવી શકાશે નહી.

ઇતિહાસમાં કેટલાંય એવા ઉદાહરણો મળે છે કે, જ્ઞાન, વિદ્વતા, શૌર્ય અને સેવાનાં ક્ષેત્રોમાંથી કેટલાંય ક્ષેત્રો કે જેને માત્ર પુરૂષનું જ કામ સમજવામા આવતુ હતું પરંતુ તેમા મહીલાઓએ પુરૂષોથી પણ વધારે સફળતા મેળવી હતી.

પ્રાચીન કાળમાં ધોષા, અપાલા, ગોધા, વિશ્વારા,ઉપનિષદ, જુહૂ, અદિતી, ઈન્દ્રાણી, સરમા, રોમશા, ઉર્વશી, લોપમુદ્રા, યમી, શાશ્વતી, સૂર્યા, સાવિત્રી, અનસુયા વગેરે કેટલીય વિદુષીઓ હતી. જે જ્ઞાન, તત્વવિદ્યાની સાથે સાથે બળ અને શૌર્યમાં પણ પુરૂષોની બરાબરી કરતી હતી.

ભારતીય સંસ્કૃતિ સ્ત્રીને સમાનતા બક્ષે છે. સ્ત્રીને પ્રવૃત્તિ અર્થાત જીવનના મૂળ તત્વ સાથે સરખાવવામાં આવી છે. સ્ત્રી ને નારીશકિત, દેવીશકિત, માતૃશકિત, ગૃહલક્ષ્મીનું સન્માન અપાય છે. ભારતીય નારી જ્ઞાનવાય મનાય છે. અરુધંતી હોય કે સુલભા એ ઋષિઓને જ્ઞાન આપી શકે છે. મૈત્રણી માન માટે વૈભવ ઠુકરાવે છે.

ગાર્ગી શાસ્ત્રાર્થ ઋષિ યાજ્ઞવલકય સાથે ટક્કર લે છે. મંડનમિશ્રની વિદુષી પત્ની ભારતી શંકરાચાર્ય સાથેનાં શાસ્ત્રાર્થમાં પહેલા નિર્ણાયકની ભૂમિકા અદા કરે છે. અને પતિને પરાસ્ત થતો જોઈ ખુદ શાસ્ત્રાર્થમાં ઝુકાવે છે. કાલિદાસ અને તુલસીદાસ પોતાની ધર્મપત્નીના કારણે મહાન બન્યા હતા એ અંગે કોઈ બેમત નથી.

મધ્યયુગમાં પણ લક્ષ્મીબાઈ, દુર્ગાવતી, અહલ્યાબાઈ વગેરે કેટલીય મહિલાઓ થઈ છે જેમણે પુરૂષોના કાર્યક્ષેત્રમાં ઘુસીને તેમને પાછળ રાખી દીધા હતા. કહી શકાય છે કે, ત્યારે પરિસ્થિતી જુદી હતી. મધ્યયુગની અંધકાર વેળાએ પણ મહીલાઓની શકિતને કુંઠિત કરી દીધી હતી અને તેની ક્ષમતા તથા શકિતમાં કાટ લાગી ગયો હતો તો તે પણ નિરાધાર જ સાબિત થાય. (સ્વાતંત્ર સંગ્રામ વખતે જનચેતના જાગૃત કરવામાં કસ્તૂરબા, સરોજિની નાયડુ, કમલા નહેરુ, રાજકુમારી અમ્રતકૌર, વિજયલક્ષ્મી પંડિત, કમલાદેવી

ચટ્ટોપાધ્યાય, ભીકાજીકામા, અવંતિકાબાઈ ગોખલે વગેરે મહિલાઓએ જે કાર્ય કર્યુ હતુ તેને કોઈ પણ રીતે પુરૂષો દ્વારા ચલાવવામાં આવેલ અભિયાનોથી ઓછુ ન કહી શકાય આ તો થઈ વિશિષ્ટ મહિલાઓની વાત, સાધારણ સ્ત્રીઓએ પણ સ્વાતત્ર્ય આંદોલનનાં એ મોરચાનો અપાવીને બતાવી દીધુ છે. વિદેશી ચીજવસ્તુઓ અને વસ્ત્રોના બહિષ્કારનું જયારે એલાન કરવામાં આવ્યુ તો સત્યાગ્રાનું એક મોટુ રૂપ સામે આવ્યુ,પેકેટિંગ શરૂઆતમા પુરૂષોને આ કામમાં સફળતા ન મળી ત્યારે મહિલાઓ આગળ આવી અને દુકાનો બંધ ન થાય ત્યાં સુધી ધરણા કરવાની દૃઢતા બતાવી

સ્વતંત્રતા પ્રાપ્તિ માટે સશસ્ત્ર ક્રાંતિનો પોકાર પાડયો તેમનું સંગઠન માત્ર નામ પુરતુંજ સંગઠન ન હતું પરંતુ તેમણે પોતાના સંગઠનના સભ્યોને બોમ્બ બવાવતા શીખવ્યુ– એમને દેશનિકાલ પણ કરાયો.વિદેશમાં શેષ સમય વ્યતિત કર્યો. આમ, આપણે ઇતિહાસ તરફ નજર નાંખીશુ તો જણાશે કે સુષ્ટિના આદિકાળથી નારીએ પરાક્રમથી ભરેલી ભૂમિકા નિભાવી છે માત્ર ઘૂમટો તાણીને ઘરમાં પુરાઈ રહેનારી અબળાની મહોર તો મઘ્યકાળમાં તેના પર પરાણે લાગવી દેવામાં આવી હતી. આમ, પ્રાચીનકાળમાં વૈદિક યુગમાં સ્ત્રીને દેવી માનવામાં આવી.

- ચંદ્રગૃપ્તની અંગરક્ષક અમજેન મહિલાઓની ચર્ચા મેગસ્નીઝ દ્વારમા કરવામા આવેલા વર્ણનમાં કરવામા આવી છે.
- કૌટિલ્ય દ્વારા મહિલા ધનુર્ધરોનું વર્ણન કરવામા આવેલુ છે.
- વેદોમાં એવી નારીઓનો ઉલ્લેખ મળે છે જે યુઘ્ધમાં પણ કપાઈ ગયા છતાં અશ્વિની કુમારો પાસે ફરીથી લોખંડનો પગ બનાવીને યુઘ્ધના મેદાનમાં કુદી પડી હતી.
- હનુમાને જયારે લંકા જવા માટે પ્રયાણ કર્યુ ત્યારે તેમની પરીક્ષા લેવા માટે સુરસા નામની મહિલા જ આગળ આવી હતી. સ્પષ્ટ છે કે તે એટલી સમર્થ જરૂર હશે કે ભગવાનનાં દૂતની પણ પરીક્ષા લઈ શકે.
- રાવણના દુર્ગમ કિલ્લાની સુરક્ષા કોઈ પુરૂષ નહી,પણ એક નારી કરી હતી.
- દશરથના પ્રાણોનુ રક્ષણ કૈકેયી એ જ કર્યુ હતુ.
- મહાભારત કાળમાં સુભદ્રાની ગણતરી મહારથીઓમાં કરવામાં આવતી હતી. તથા તેણે યુઘ્ધમાં પ પોતાના શૌર્યનો પરિચય આપ્યો હતો.
- ત્યાગ અને બલિદાનની પ્રતિમૂર્તિ વેદની ઋષિકાઓ ધૃતવ્રતા, વ્રતવતી, સુલભા વગેરે થઈ છે. જેઓ આજીવન અવિવાહીત રહીને સમાજકલ્યાણ માં જોડાયેલી હતી.
- બુઘ્ધકાળમાં આમ્રપાલીનું નામ ઉલ્લેખનીય છે જે પોતાનું સર્વસ્થ બુઘ્ધ સમક્ષ સોંપીને ધર્મપ્રાચારના કાર્યમાં લાગી ગઈ હતી.

ભારતીય સમાજમાં મહિલાઓના ગૌરવને પ્રકટ કરનારી શ્રૃંખલામાં ભારતાનાં પ્રથમ પ્રધાનમંત્રી શ્રીમતી ઈંદિરા ગાંધી અને રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ ના નામનો પણ સમાવેશ કરી શકાય.

**નારી ત્રૈલોકય જનની, નારી ત્રૈલોકય રૂપિણી ।**

**નારી ત્રિભુવનધારા, નારી શકિત સ્વરૂપિણી ॥**

આનું સૌથી મોટુ પ્રમાણ વૈદિક ભારતમાં ઈશ્વરની માતૃરૂપે પ્રતિષ્ઠા છે.

ભવિષ્યદ્રષ્ટા સ્વામિ વિવેકાનંદે વર્ષો પહેલા કહયુ હતું " આપણે નારીઓ ને એવી સ્થિતીમાં પહોંચાડી દેવી જોઈએ, જયાં તે પોતાની સમસ્યાઓને પોતે ઉકેલી શકે. આજે એ સ્થિતી આવી ચુકી છે. આવનારી આવતીકાલ નારીની વિભૂતીઓ અને વૈભવનો યુગ હોય તો કોઈએ આશ્ચર્ય ન પામવું જોઈએ જે નારી દેવભૂમિની દેવી ના નામે પુજાતી હતી તે આજે કયાં ચાલી ગઈ ? જો એવી જરૂર સમજવામાં આવે કે આજે ફરીથી રામ આપણાં ઘરોમાં આવે તો કૌશલ્યા માતાનુ તપ જોઈએ. જો કૃષ્ણ જોઈએ તો દેવકી જ કૃષ્ણને જન્મ આપી શકે છે. કર્ણ,ભીમ, અર્જુન માટે કુંતી જેવી માતા જોઈએ આજના યુગને ગાંધી,બુઘ્ધ, શિવાજી, વિવેકાનંદની જરૂર છે. પુરૂષને દરેક ક્ષેત્રમાં સ્ત્રીની આવશ્યકતા અનુભવાઈ છે. આપણું વ્યકિતગત અને રાષ્ટ્રીય ભવિષ્ય એ વાત પર ટકયુ છે કે ભાવિ સુસંસ્કૃત સંતાન થાય.

ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ ભારતની નારીઓને માની શકાય આમ ભારતની સ્ત્રીઓએ પ્રાણના ભોગે પણ પ્રવિત્ર પ્રવાહને અખંડ અને નિરંતર રાખ્યો છે. ધરતી માતાથી લઈને ભારતમાનાના રૂપમાં તથા માઁ ગંગાથી લઈને માઁ ગાયત્રી ના રૂપમાં નારી શકિની પ્રતિષ્ઠા કરી.

કદાચ ભારત જ એવો દેશ હશે, જયાં નારીશકિતને દેવતાઓ કરતા પહેલુ સ્થાન આપીને પુજવાની પરંપરા ચાલે છે. સીતારા, રાધેશ્યામ, ગૌરીશંકર, શચીપુરંદર વગેરે સબંધો આજ પરંપરાના પ્રતીક છે.

નારીમા અપાર શકિતોઓ રહેલી છે. માનવજીવનનું કોઈપણ પાસુ જોઈએ તો દરેકમાં ભારતીય નારીઓએ ઉંચા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે. દુનીયામાં આવા ઉદાહરણો બહુ ઓછા જોવા મળશે.

**બુધ્ધિમાનનુ પ્રતિક – ગાર્ગી કે અપાલા**

**સાહસ અને બહાદુરીનું પ્રતીક – રાણી લક્ષ્મીબાઈ, રાણી દુર્ગાવતી**

**સંઘાર્ષનું પ્રતીક – માઁ સીતા કે સતી સાવિત્રી હોય અથવા**

**વ્રતશીલતાનું પ્રતીક – ગાંધારી કે અનસૂયા.**

દરેક ક્ષેત્રમાં નારીશકિત પોતાનો વિજયધ્વજ ફરકાવતી જોવા મળશે. નારી શકિતીની અભ્યર્થના કર્યા વગર શકિત સરંક્ષણનું થઈ શકશે નહી.

(મહા શકિતશાળી નારીઓમાં સતી દમયંતી, સતી ચાંડિલી, માઁ અરુધંતી,દેવી દેવહૂતિ જેવી નારીઓના ઉદાહરણો પણ આપણી નજર સામે આવી જાય છે.)

ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં દસ એવી મહીલાઓને પસંદ કરવામાં આવી છે જે ભારતના કોઈપણ પુરૂષ પ્રતિષ્ઠિત પદથી શ્રેષ્ઠ અને ઉંચી છે. એની પસંદગીનો આધાર નેતૃત્વક્ષમતા,નિર્ણયક્ષમતા, યોજના સબંધી વિચાર, આર્થિક સબંધ બનાવવા વગેરે હતો. એમા જેંટાની પ્રિયા હિરાનંદિનીને માઈક્રોસોફટના ગ્લોબલ ઓર્ગેનાઈજેશનનાં મેનેજીગ ડિરેકટર બનાવવામાં આવ્યા આ સફળ અને અત્યંત પ્રતિષ્ઠીત પદો પર નિલય ધવન, મીના ગણેશ, રેખા મેનન, રાધા શેલત, હેમા રવિચંદર તથા નાની ઉંમરની જેસીપોલ સામેલ છે. આ મહિલાઓ કોઈપણ કંપનીને વિશ્વસ્તરની બનાવવા માટે સક્ષમ છે. નાની ઉંમર માં જ એક મોટા સાહસને સફળ સિધ્ધ કરનાર બેંગ્લોકની શ્વેતા તક્કાર છે. એ ભારતની સૌથી નાની વયની કોમર્શિયલ પાઈલટ છે. એમણે ૧૯–વર્ષની ઉંમરમાં જ આ ઉપલબ્ધિ મેળવી છે. જે આપણા દેશની પાંચ મહિલામા સૌથી નાની છે.

સાહિત્યકારોમાં અગ્રણી નાઓ – શશી દેશપાંડે, અરુધંતી રોય, અનિતા દેસાઈ, કમલાદાસ, શોભા ડે, સુધા મૂર્તિ એમની કૃતિઓ ની ગણના આજે સર્વશ્રેષ્ઠ કૃતિઓમાં થાય છે.

મહિલાઓની વર્તમાન સ્થિતી જાણવા મળે છે કે, આ સદી મહીલાઓની સદી છે. ઈશ્વરે વૈશ્વિક સંચાલન માટે મુખ્ય ભાગીદારી રૂપે મહિલાઓની પસંદગી કરી છે. અને આ જ કારણે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા અગ્રણી છે.

કોઈએ તો આઝાદી મળ્યા પછી મહીલા સાક્ષરતા અભિયાન ચલાવવાને કારણે મહિલાઓ શિક્ષિત બનવા લાગી, શિક્ષણ અને તકનીકીના અનેક ક્ષેત્રોમાં એમનો પ્રવેશ થવા લાગ્યો, પ્રવેશની તક પ્રાપ્ત થતાં જ મહિલાઓએ પોતાની ક્ષમતા અને દક્ષતાથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા અને આજ કારણ છે કે, આજે આપણા દેશમાં વિશ્વની સવાધિક વ્યવસાયિક પ્રશિક્ષિત મહિલાઓ છે.

ભારતમાં કોઈપણ વિકસીત દેશો કરતા વધુ મહિલા દાકતર, સર્જન, વૈજ્ઞાનિક, પત્રકાર, પ્રોફેસર, તકનિકી વિશેષજ્ઞ છે. કોઈપણ દેશમા આપણા દેશ જેવા કુશળ વિશેષજ્ઞ નથી મળતા એમા પાઈલટથી માંડીને હોટલમાં કઢી બનાવનાર કુશળ મહિલાઓ પણ સામેલ છે.

અર્થાત મહિલાઓએ બધાં જ ક્ષેત્રોમાં વિશેષજ્ઞતા અને કુશળતા પ્રાપ્ત કરી લીધી છે. પોતાની મહેનત અને દક્ષતાથી અને કંપનીઓ અને પ્રતિષ્ઠિત સંસ્થાઓના મેનેજિંગ ડિરેકટર જેવા પદો પર બિરાજેલી છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં બરખા દત્ત એક આદર્શ છે. જેને અનુસરીને અનેક મહિલા પત્રકાર પત્રકારત્વના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવી રહી છે. બુકર પુરસ્કાર મેળવનાર અને સામાજિક કાર્યકર્તા અરુધંતી રોય એક ઉદાહરણ છે. ધનાઢય મહિલાઓમાં બાયકોન કંપનીની પ્રમુખ કિરણ મજમુદાર અને પેપ્સીની ઈન્દ્રાનૂયી છે.આ નામો એ બતાવે છે કે, ઉચ્ચ જગ્યાઓ પર મહિલાઓ કેવી રીતે આગળ વધી રહી છે. આપણા દેશમાં જયારે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનદ પ્રારંભ થયો તો અજીબોગરીબ કાર્યને મહિલાઓ માટે વર્જિત

જાહેર કરવામાં આવ્યુ હતુ એવુ માનવામા આવતુ હતુ કે અહીનુ કાર્ય મહિલાઓ માટે ઉપયુકત નથી, પરંતુ આજે ઈન્ડીયન સોફટવેર કંપનીઓમાં એક તૃતીયાંશ મહિલા કર્મચારી છે.

આજે સમાજમા શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે. પરંતુ કેટલીકવાર આંકડાઓ આપણને ખરી હકીકતોથી વાકેફ કરાય છે. લાન્સેટ સામયિકમાં સ્ત્રીભૃણ હત્યા અંગે કરાયેલા અભ્યાસમાં ભારતના દર વર્ષ પાંચ લાખ જેટલી અજન્મ બાળકીઓની હત્યા કરાય છે. આમા પણ અત્યંત દુઃખદ બાબત તો એ છે કે, શિક્ષિત અને પ્રગતિશીલ પરિવારોમાં બાલિકાઓનું પ્રમાણ વધારે ઝડપથી ઘટતુ જાય છે. આજે સ્ત્રીભૃણ હત્યા એક રાષ્ટ્રીય સમસ્યા બની ગઈ છે. તેથી સરકારે **" બેટી બચાવો "** આંદોલન ચલાવવુ પડે છે.

આપણ છેલ્લા કેટલાક વર્ષોથી જોયુ છે કે, સ્ત્રી પુરૂષ સમોવડી તો બની છે. પરંતુ અવકાશ જેવા ક્ષેત્રે પણ તે કેટલાક અંશે પુરૂષ કરતા આગળ છે. સુનિતા તાજેતરનુ દૃષ્ટાંત છે. જે પરિવારમાં પુત્ર હોય કે પુત્રી બન્ને નો ઉછેર સમાન હોય તો પુત્રી પણ પુત્ર બની શકે છે. આજે ઘણાં પરિવારો એક જ પુત્રી સાથે ગૌરવ પુર્વક જિંદગી જીવી રહયા છે. તેમને કયારેય પુત્રની ખોટ નથી સાલતી તેથી આજના યુગમાં સંકુચિત માનસિકતાને ત્યાગવાની જરૂર છે. એક પરિવારમાં કન્યારત્ન એક થી વધુ હોય અને પુત્ર રત્ન ન હોય તો પણ પરિસ્થિતીમાં ફેર ન પડવો જોઈએ તોજ સાચુ મહિલા સશકિતકરણ થયુ કહેવાશે.

સ્ત્રી નો યોગ્ય ઉછેર, શિક્ષણ, આરોગ્ય, તાલીમ વગેરે અપાય તો તેઓમાં એવી સક્ષમતા જન્મજાત હોય જ છે કે તેઓ પરિવારમાં કે સમાજમાં એક પુત્ર જેવી ભૂમિકા ભજવી શકે છે. જરૂરી છે પ્રાચીન માનસિકતા બદલવાની, યોજનાઓ, કાર્યક્રમલ કે ઠેરઠેર વાતો કરવાથી કંઈ નહી વળે, હકીકતમાં સમાજના, રાજકારણના આગેવાનાઓએ આ કાર્ય ગ્રામ્યસ્તરથી શરૂ કરી પોતપોતાનું પ્રદાન આપવાની જરૂર છે.

- ❖ ૧૯૦૫માં સુઝાન આર.ડી. તાતા પ્રથમ ભારતીય નારી હતી જેને સ્ત્રી તરીકે પ્રથમ મોટરકાર ચલાવવાનુ લાઈસન્સ મળ્યું
- ❖ ઘોંડોકેશન કર્વેએ માત્ર પાંચ યુવતીઓના પ્રવેશ સાથે ૨–૬–૧૯૧૬નાં રોજ પ્રથમ વિમેન્સ યુનિવર્સિટી એસ.એન.ડી. વિમેન્સ યુનિ.મુંબઈમાં સ્થાપી.
- ❖ હરીતા કુંવર દેવલ એ ભારતની પ્રથમ મહિલા હતી જેણે એકલપંડે વિમાન ચલાવ્યું. (સન–૧૯૪૪)
- ❖ ૧૯૫૧ ડેક્કન એરવેઝમાં પ્રેમ માથુર નામની મહિલા કોમર્શિયલ પાઈલટ બનીને ડેક્કન એરવેઝની પગારદાર પાઈલટ બની.
- ❖ ૧૯૫૯માં અન્ના ચંદી નામની મહિલા ભારતીની હાઈકોર્ટની પ્રથમ મહિલા જજ બની.
- ❖ ૧૯૬૬માં ઈન્ડિયન એરલાઈન્સે ઘણાં વિરોધ પછી કેપ્ટન દુર્ગા બેનર્જીને વુમેન પાઈલટ બનાવી.
- ❖ ૧૯૬૬મા ઇન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા ૨૦૦૭માં તેમની પુત્રવધુ સોનિયા પાછલે બારણેથી હિન્દુસ્તાનનો કારોબાર ચલાવી રહયા છે.હવે પુત્રી પ્રિયંકા ગાંધી અગર પુત્ર રાહુલ ને વડાપ્રધાન બનાવવાની પેરવીમા છે.
- ❖ ૧૯૭૦માં કમલજીત સંધુ એશિયત ગેઈમ્સમાં મેડલ જીતનારી પ્રથમ મહિલા હતી.
- ❖ ૧૯૮૯ની સાલમાં જસ્ટિસ એમ.ફાતિમા બીવી નામની પ્રથમ મુસ્લિમ મહિલા સુપ્રીમ કોર્ટની જજ બની. તે જગતની પ્રથમ મુસ્લિમ સુપ્રીમ જજ કહેવાઈ
- ❖ ૨૦૦૫માં મનિન્દર રાજપુત ૩૪ વર્ષની વયે ઓસ્ટ્રેલીયા જઈને ન્યાંની ન્યુ સાઉથવેલ્સ રેલવેની પ્રથમ ટ્રેન ડ્રાઈવર બની તે ટ્રેન ડ્રાઈવર મહિલા તરીકે પ્રથમ હતી.
- ❖ ૨૦૦૬મા વી.શાંતા નામની કેન્સરની સ્પેશિયાલિસ્ટ મહિલા પ્રથમ સ્પેશિયાલિસ્ટ હતી જેને રામન મેગ્સેસે એવોર્ડ મળ્યો.

આ હિન્દુસ્તાનની નારીઓએ બ્રિટીશ શાસનમાં ઉંચે લાવવામાં રાજા રામ મોહન રાય,ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાત્મા જયોતિરાવ ફુલે વગેરેનો હાથ છે.

ઝાંસીની રાણી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોઝની કપ્તાન હતી. સરોજિની નાયડુ એ ભારતની પ્રથમ કોંગ્રેસ મહિલા પ્રમુખ હતી.દાઉદ ઈબ્રાહીમનો તેમજ નોબલ પ્રાઈઝ વિજેતા ડો.સી. ચંદ્રશેખરનો સૌ પ્રથમ ઈન્ટરવ્યુ શીલા ભટ્ટે લીધો હતો.બ્રિટનમાં અને સૌરાષ્ટ્રની સ્કૂલોમાં અનુક્રમે ૮૩ ટકા અન. ૪૩ ટકા સ્ત્રી શિક્ષિકાઓ છે. બ્રિટનની યુનિવર્સિટીખોાન પુરૂષો કરતા ૨૨૫૦૦ વધુ સ્ત્રીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જર્મનીમાં સૌ પ્રથમવાર એક મહિલા વડાપ્રધાન મિસિસ એન્જેલો મર્કેલ છે.

૧૯૪૭માં આર્જેન્ટિનામાં જયારે ઈસાબેલ પેરોન નામની મહિલા દેશનાં પ્રમુખ બન્યા ત્યારે તે જગતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન હતા. શ્રીલંકાના ઈતિહાસમા સીરીમાઓ ભંડારનાયકે પણ પ્રથમ મહિલા વડાપ્રધાન હતા. એટલું જ નહી પણ ત્રણ ત્રણ વખત ચુંટાયા હતા. નવાઈની વાત એ છે કે, તેની પુત્રી ચંદ્રિકા કુમારતુંગાએ માતાને હરાવીને શ્રીલંકામા સત્તા મેળવી હતી.

અમેરિકામાં વોશિંગ્ટન પોસ્ટની ચીફ એક મહિલા છે. ત્યારે ભારતમાં હિન્દુસ્તાન ટાઈમ્સની વાઈસ ચેરમેન અને ઓડિટોરિયલ ડિરેટકર તરીકે શોભના ભરતિયા છે. યાદ રહે બે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા કરતાં દિલ્હીમાં હિન્દુસ્તાન ટાઈમ્સ વધુ જોરદાર છે. યાદ હશે કે ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી એક જમાનામાં હિન્દુસ્તાન ટાઈમ્સના તંત્રી હતા. ઘનશ્યામ બિરલાની પૌત્રી તરીકે શોભના ભરતિયાને સૌ જાણે છે.

જુન–૧૯૬૩માં વેલેન્ટિના ટેરેશોબા જગતની પ્રથમ રશિયન મહિલા અવકાશયાત્રી હતી. તેની સાથે સેલી રાઈડ અને કેથરીન સુલવીન હતી. એ પછી કલ્પના ચાવલાએ ૨૯૬૨ અરજીઓમાંથી પસંદ કરાઈ. તે અવકાશયાન નાં કમનસીબે ગુજરી ગઈ. કલ્પના ચાવલા પછી સુનિતા નામની ભારતીય નારી (ડો. દીપક પંડયાની પુત્રી) અવકાશયાત્રી થઈ છે.